
સીઝર ચાવેઝ

લેખન : જીંજર વેડ્સવર્થ

ચિત્ર : માર્ક શ્રોડર



સીઝર ચાવેઝ

લેખન : જીંજર વેડ્સવર્થ

ચિત્ર : માર્ક શ્રોડર



એરિઝોના

1933

જયારે સીઝારિયો ચાવેઝ છ વર્ષ નો થયો, તો એનો સ્કૂલ જવાનો સમય આવી ચુક્યો હતો.

સીઝારિયો એની મોટી બહેન રીટા સાથે કાચી સડક પર આગળ જઈ રહ્યો હતો.

એ ભયભીત હતો.

એટલે એણે રીટા નો હાથ પકડી લીધો.

એના પગ દુઃખી રહ્યા હતા.

એને બૂટ પહેરવાની આદત ન હતી.

સીઝારિયો ની શિક્ષિકાએ એનું નામ ટૂંકાવીને 'સીઝર' કરી નાખ્યું.

એણે કહ્યું કે સીઝર નામ ઓછું મેક્સિકન લાગે છે.

શિક્ષિકાએ બાળકો ને ફક્ત અંગ્રેજી માં બોલવા નું કહ્યું.


અંગ્રેજી માં બોલવાનું અઘરું હતું.

ઘરે તો બધા સ્પેનિશ ભાષા બોલતા હતા.

સીઝર ઘણી વાર અંગ્રેજી બોલવાનું ભૂલી જતો હતો.

શિક્ષિકા ત્યારે એની આંગળીઓ પર રૂલર થી મારતી હતી.





સીઝર ના દાદા-દાદી મેક્સિકો માં જન્મ્યા હતા.

સીઝર ના દાદા એ એક નિષ્ઠુર પશુપાલક ને ત્યાં કામ કર્યું હતું.

માલિક એના મજૂરો ને કોડા થી પીટતો હતો.

અંત માં, સીઝર ના દાદાજી ભાગી ને એરિઝોના ગયા.

એ એના પરિવાર ને સાથે લેતા ગયા. સીઝર ના પિતા લિબ્રાડો, એની માઁ જુઆના ને એરિઝોના માં મળ્યા હતા.

જુઆના પણ મેક્સિકો માં જન્મી હતી.

સીઝર નો જન્મ યૂમા, એરિઝોના નજીક થયો હતો.

રિચાર્ડ અને લેની એના નાના ભાઈ હતા.

અને સૌથી નાનો વિકી શિશુ હતો.

એ જાડી અડોબે ઇંટ થી બનેલા મકાન માં રહેતા હતા.

એનું ઘર ઉનાળા માં ઠંડુ અને શિયાળા માં ગરમ રહેતું હતું.

સીઝર રાત્રે એના પિતા ને ટીન ના ડબ્બા અને નાના લાકડી ના ટુકડા થી ગાડી બનાવતા જોતો હતો.

જયારે સૂવા નો સમય થાય ત્યારે દાદી બાળકો ને પ્રાર્થના કરતા સાંભળતા.





ચાવેઝ પરિવાર માં બધા પોતાના ખેતર માં કામ કરતા હતા.

સીઝર ના પિતા માટી માં બીજ રોપતા.

ખરપડી થી નીંદણ કાઢતા.

નદી થી ખેતરો સુધી પાણી લાવવા નહેર ખોદતા.

પાણી વગર ફસલ ઉગી જ ન શકે.



સીઝર અને રિચાર્ડ ઘોડા, ગાય અને મરઘી ને દાણો-પાણી આપતા.

એ ઈંડા ભેગા કરતા.

રીટા હાથેથી બધાના કપડાં ધોતી.

જુઆના પીસેલી મકાઈ થી ટોર્ટીઆ બનાવતી.

એનો પરિવાર ગરીબ હતો.

તે છતાં જુઆના બેઘર લોકો ને જમવાનું આમંત્રણ આપતી.

એનું માનવું હતું કે કોઈ પણ વ્યક્તિ એ ભૂખ્યા ન રહેવું જોઈએ.

સીઝર ના ફોઈઓ, કાકીઓ, માસીઓ, મામીઓ, ફુવાઓ, કાકાઓ, માસાઓ, મામાઓ અને એના છોકરાઓ પાસે જ રહેતા હતા.


ક્યારેક એ બધા તહેવાર ઉજવવા ચાવેઝ પરિવાર ના ખેતર પર આવતા.

બધા સરસ ખાવાનું જમતા.

સીઝર અને એના પિતરાઈ ભાઈ-બહેનો નહેર માં તરતા.

એ ઘોડેસવારી કરતા, વૃક્ષો પર ચઢતા.

જીવન બહુ સુખમય હતું.





મુશ્કેલ સમય
1930 નો દસકો

1930 ના દસકા માં અમેરિકા માં લાખો લોકો બેરોજગાર થઈ ગયા.

બેંકો બંધ થઈ ગઈ.

ઘણી દુકાનો પણ.

ઘણા પરિવાર પાસે ખાવાનું ખરીદવાના પણ પૂરતા પૈસા ન હતા.

એને એના ઘર અને ખેતર વેચવા પડયા.

એ વિશ્વવ્યાપી મંદી નો સમય હતો.

પણ ચાવેઝ પરિવાર પાસે હજી પણ ઘણા દૂધ, ઈંડા, અને શાકભાજી હતા.

વેચવા ને ખાવા માટે પૂરતા હતા.

ત્યાં દુકાળ પડયો.

વરસાદ ન થવાથી નહેરો સૂકાઈ ગઈ.

પાણી વગર ચાવેઝ પરિવાર પાક ન ઉગાવી શક્યો.


મરઘીઓ ને ચણવા માટે પૂરતી મકાઈ ન હતી.

એટલે મરઘીઓએ ઈંડા મૂકવાનું બંધ કર્યું.

ગાયો ને ચરવા માટે ઘાસ ન હતું.

એટલે એણે દૂધ આપવાનું બંધ કરી દીધું.





1938 માં ચાવેઝ પરિવાર ને મજબૂરી થી એની જમીન વેચવી પડી.

એ એની ગાડી માં બેસી ને કામ ની શોધ માં કેલિફોર્નિયા ચાલ્યા ગયા.

સીઝર ત્યારે 11 વર્ષ નો હતો.

કેલિફોર્નિયા માં મોટા-મોટા ખેતરો હતા.

એ ખેતર માં માલિકો ને બીજ વાવવા, નીંદણ કાઢવા, અને ફસલ ની કાપણી લણણી માટે મજૂરો ની જરૂરત પડતી હતી.

ગરીબ મજૂર કામ શોધવા એક ખેતર માં થી બીજા ખેતર માં જતા.

એને 'માઈગ્રન્ટ વર્કર્સ' અથવા પ્રવાસી શ્રમિક કહેવામાં આવતા હતા.

વસંતઋતુ માં ચાવેઝ પરિવાર આ ખેતરો માં બીજ ના રોપણ કરતુ.

ખેતરો માં ત્યારે ઠંડી હતી.

સામાન્યતઃ સીઝર ઉઘાડા પગે કામ કરતો.

પગરખાં બહુ મોંઘા હતા.

ઉનાળા માં પ્રખર તાપ પડતો હતો.

સીઝર નીંદણ કાઢવા નાના દાંડાવાળી ખરપડી વાપરતો હતો.

એની પીઠ માં દર્દ ઊપડતું.

દિવસ ભર ઝૂકી ને કામ કરવું સરળ ન હતું.

ક્યારેક ખેતર માં થી વિષ ની વાસ આવતી જે કીટનાશક કહેવાતું.

ખેતર ના માલિક કીટનાશક નો એટલે છંટકાવ કરતા જેથી એના પાક માં કીડા ન પડે.

પણ થોડા કીટનાશક ખેત મજૂરો ને બીમાર કરી દેતા હતા.

મજૂરો ના બાળકો ઝાડ પરથી સંતરા અને લીંબુ તોડતા.

એ વટાણા, કઠોળ અને કપાસ વીણતાં.

મજૂર ફળ અને શાકભાજી ને ડબ્બા માં ભરતા.

દરેક ડબ્બા ના વજન પ્રમાણે મજૂરી નો હિસાબ થતો.



પરિવાર ના બધા સભ્યો કામ કરતા.

પોતાની જરૂરિયાત પૂરતા પૈસા કમાવા માટે આ એક જ ઉપાય હતો.

ઓછા મહેનતાણા પર કામ કરવા કોઈ પરિવાર રાજી ન હોય, તો કોઈ બીજો પરિવાર એની જગ્યા એ કામ કરવા તૈયાર હતો.

જયારે એક ખેતર ની કાપણી લણણી થઈ જતી, તો ચાવેઝ પરિવાર બીજા ખેતર પર જતા.

એને પૈસા ની જરૂરત હતી.





ચાવેઝ પરિવાર પ્રવાસી મજૂરો માટે બનાવેલી શિબિર માં રહેતા હતા.

ખેતર માં બનાવેલા આ શિબિર ખીચોખીચ ભરેલા અને ગંદા હતા.

ચાવેઝ પરિવાર એક નાના ઝૂંપડા માં મુશ્કેલી થી રહેતા હતા.

એમાં કાચી ભોંય હતી અને સ્નાનગૃહ ન હતું.

વરસાદ માં બધું ભીનું થઈ જતું.

બધી બાજુ માટી અને કીચડ થઈ જતું.



ઘણી શિબિરો માં ઝૂંપડાં ન હતા, ફક્ત તંબુ હતા.

તંબુ બહુ નાના હતા.

સીઝર અને રિચાર્ડ ને બહાર સૂવું પડતું.

રીટા ગાડી માં સૂતી.

જુઆના એક મોટા કનસ્તર માં ખાવાનું બહાર બનાવતી.

તો પણ એ ભૂખ્યા લોકો ને ખવડાવતી.

જયારે ખાવા ના સામાન ની જરૂત પડતી, તો સીઝર ના માઁ-બાપ નજીક ના શહેર માં જતા.

થોડી દુકાનો પર લખેલું રહેતું 'ફક્ત ગોરા લોકો ને માલ વેચવામાં આવશે'.

સીઝર નો પરિવાન મેક્સિકન હતો.

એ આવી દુકાનો માં ખરીદી નહોતા કરી શકતા.

સીઝર ને એરિઝોના યાદ આવતું.

એ ઘોડેસવારી કરવા ચાહતો હતો.


એ ઝાડ પર ચઢવા ચાહતો હતો.

જયારે એની રમકડાંની ગાડી ચોરી થઈ ગઈ તો એને ઈચ્છા થઈ કે એ ચોર ને પકડે અને એની સારી રીતે પિટાઈ કરે.

જુઆનાએ એના દીકરા ને લડવાની મનાઈ કરી.

એ હંમેશા કહેતી કે લડવા માટે બે જણા જોઈએ.

અને કહેતી, "તમારી સમસ્યા શબ્દો થી ઉકેલો."







મોટા થવું

1942

જયારે સીઝર 15 વર્ષ નો થયો, તો ડેલાનો, કેલિફોર્નિયા માં એનો ભેટો હેલન ફબેલા સાથે થયો.

હેલન ના માતા-પિતા પણ ડેલાનો માં કપાસ વીણવા આવ્યા હતા.

1948 માં હેલન અને સીઝર ના લગ્ન થયા.

બીજે વર્ષે એના પહેલા બાળક ફર્નાન્ડો નો જન્મ થયો.

થોડા સમય માં બીજા બાળકો પણ થયા.

સીઝર અને હેલન બહુ મહેનત કરતા.

એ કઠોળ, સ્ટ્રોબેરીસ અને બીજી ફસલ ની લણણી કરતા.

બંને ને મહેનત કરવા માટે એક કલાક નો લગભગ એક ડોલર મળતો હતો.

એ બાળકો ના ભોજન, કપડાં અને સાધારણ ઘર માટે બહુ ઓછું હતું.

સીઝર નું માનવું હતું કે પ્રવાસી મજૂરો ને વધારે સારો પગાર મળવો જોઈએ.

સીઝરે નેતાઓ પર પુસ્તકો વાંચી.

એને શીખવું હતું કે નેતાઓ લોકો ના જીવન સુધારવા માટે મદદ કેવી રીતે કરે છે.

ત્યાં સીઝર ની મુલાકાત ડોલોરેસ હુએરટા સાથે થઈ.

ડોલોરેસ મેક્સિકી-અમેરિકી ખેત મજૂરો ને મદદ કરતી હતી.

સીઝર ફ્રેડ રોસ ને મળ્યો.

ફ્રેડ ચાહતો હતો કે પ્રવાસી મજૂરો ને અમેરિકી નાગરિકતા મળે.


જેથી એ પણ મતદાન કરી શકે.

એ મજૂરો ના હિત માં મતદાન કરે.

ડોલોરેસ અને ફ્રેડ ના અમુક વિચારો બહુ સારા હતા.

એ બંને માનતા હતા કે લોકો એકમત થઈ ને પોતાનું જીવન બદલી શકે છે.

ગરીબ મેક્સિકી-અમેરિકી મજૂરો ભેગા થઈ ને શક્તિશાળી થઈ શકે છે.




એની માઁ ની જેમ સીઝર બીજા લોકો ની મદદ કરવા ચાહતો હતો.

એટલે સીઝરે મૈક્સિકી-અમેરિકનો ને મતદાન માટે પંજીકરણ કરાવવામાં મદદ કરી.

સીઝર અને ડોલોરેસે મજૂરો ના એક મંડળ ની શરૂઆત કરી, મજૂરો નો એક સંઘ.

એ ખેત મજૂરો નું અમેરિકા માં પહેલું મંડળ હતું.



સીઝર સંપૂર્ણ કેલિફોર્નિયા માં ફર્યો.


જ્યાં ખેતી થતી હતી ત્યાંના મજૂરો સાથે મંડળ ની વાત કરી.


જો એ મંડળ સાથે જોડાય, તો એ એને જણાવતો કે એ એક જૂથ બની શકે.

એ એના ખેતર ના માલિકો સાથે બદલાવ ની વાત કહી શકતા હતા.

જો માલિક ના પાડે, તો તેઓ હડતાલ પર જઈ શકતા હતા.

મંડળ ના બધા સભ્યો ત્યાં સુધી કામ કરવાનું બંધ કરી દેય જ્યાં સુધી માલિક બદલાવ લાગુ ન કરે.





ઘણા મજૂરો સીઝર ની વાત સાંભળતા.

એ એક કાબેલ નેતા હતો.

કદાચ એ સાચો હોય.

મજૂરો ઝૂંપડી અને તંબુ માં રહી ને થાકી ગયા હતા.

એ એવા કીટનાશકો સાથે કામ કરવા નહોતા ચાહતા
જે એને બીમાર બનાવતા હતા.

એને ખબર હતી કે બદલાવ લાવવો મુશ્કેલ થશે.

સીઝર પણ એ જાણતો હતો.

તો પણ એ કોશિશ કરવા ચાહતો હતો.

સીઝર આ બધું હિંસા વગર, શાંતિ થી કરવા ચાહતો હતો.

મુક્કા થી લડવામાં એ માનતો ન હતો.

ઘણા લોકો ની ધારણા હતી કે સીઝર અસફળ થશે.

કારણકે ઘણાખરા ખેતર ના માલિક ધનાઢ્ય હતા અથવા મોટી કમ્પનીઓ હતી.

સીઝર ગરીબ હતો.

એની ત્વચા નો રંગ શ્યામ હતો.

અને એ એક ખેત મજૂર હતો, હજારો માં એક.





કર્મ

1965

સીઝર એક નૈતિક હિમ્મતવાળો સંઘ નો નેતા બનતો ગયો.

સંઘે નક્કી કર્યું કે હડતાલ કરવાનો સમય આવી ગયો છે.

એવો ફેંસલો થયો કે કેલિફોર્નિયા માં મજૂરો દ્રાક્ષ ની ફસલ ઉતારશે નહીં.

દ્રાક્ષ વેલ પર લટકતા-લટકતા સડી ગઈ.

ખેતર ના માલિકો ને નુકસાન થયું.

સીઝરે ગ્રાહકો ને દ્રાક્ષ ન ખરીદવા કહ્યું.

ઘણા પરિવારોએ આ વાત માની.

થોડા દુકાનવાળાઓએ દ્રાક્ષ વેચવાનું બંધ કર્યું.

ઘણા ટ્રક ચાલકોએ દ્રાક્ષ લઈ જવાની ના પાડી.

ખેત માલિકો ને વધારે નુકસાન થયું.

મજૂરો ફિકર કરવા લાગ્યા.


એને પૈસા નહોતા મળતા.

પોતાના પરિવારો ને એ શું અને કેવી રીતે ખવડાવે?

એને બીજી વાવણી કાપવાની શોધ કરવાની જરૂરત હતી.

સીઝરે એને ધીરજ રાખવાનું કહ્યું.

કહ્યું કે મજૂરો ના પણ અધિકાર હોય છે.







એક વર્ષ વીતી ગયું.

હડતાલ બાબત બીજા લોકો ને જણાવવાનો સમય આવી ગયો હતો.

સીઝરે 1966 માં કેલિફોર્નિયા ની રાજધાની સેક્રામેન્ટો સુધી જતા મજૂરો ના સરઘસ નું નેતૃત્વ કર્યું.

ડેલાનો થી સેક્રામેન્ટો ની 300 માઈલ ની દૂરી માટે પગે ચાલતા 25 દિવસ લાગ્યા.

વાત ચારે બાજુ પ્રસરી.

બીજા રાજ્ય ના મજૂરો પણ સીઝર સાથે ચાલી ને સામેલ થવા આવ્યા.

અભિનેતા, છાત્ર, અને સરકારી અધિકારી પણ મજૂરો સાથે કદમ મિલાવવા લાગ્યા.

રસ્તા માં ઘણા મજૂરોએ એના ખાવા-પીવાની વ્યવસ્થા કરી.

સીઝર ના પગ દુઃખતા હતા.

એને ઉચ્ચ તાવ પણ ચઢ્યો.

પણ સીઝર ચાલતો રહ્યો.

લોકો એ સમાચાર પત્રો માં ફ્રૂચ વિષે વાંચ્યું.

એમણે ટેલિવિઝન પર ખબર જોયા.

થોડા લોકો સહમત થયા કે પ્રવાસી મજૂરો ને મદદ મળવી જોઈએ.

બીજા અસહમત હતા.

દ્રાક્ષ ની હડતાલ ચાલુ રહી.

બીજા રાજ્યો માં પણ અમેરિકનો એ દ્રાક્ષ ખરીદવી બંધ કરી.

સીઝર અને યુનિયન ની અસર થઈ રહી હતી!

આખરે પાંચ વર્ષો પછી દ્રાક્ષ ના બગીચા ના માલિકો એ હાર માની.

1970 માં હડતાલ પાછી ખેંચાઈ.

મજૂરો ને સારું મહેનતાણું મળવા લાગ્યું.

એને ડૉક્ટર ના ઈલાજ ના પૈસા મળ્યા.

સીઝર બહુ થાકી ગયો હતો, પણ બહુ ખુશ પણ હતો.

મજૂરો કામ પર પાછા ફર્યા.





હડતાલ પછી

1970

સીઝર અને હેલન ની રહેણી-કરણી સાદી હતી.

એના આઠ બાળકો હતા.

યુનિઅન એના રહેવા-ખાવા ના પૈસા આપતું હતું.

સીઝર પાસે એના પરિવાર માટે પૂરતા પૈસા હતા.



સીઝર રોજ યુનિઅન માટે કામ કરતો હતો.

એ સભાઓ માં જતો.

એ નવી કૂચ ની આગેવાની કરતો.

એ ભાષણો આપતો.

એ સુનિશ્ચિત કરવા ચાહતો હતો કે બધા ખેત મજૂરો સાથે ન્યાયપૂર્ણ વર્તાવ થાય.

ક્યારેક એ ઘણા અઠવાડિયા સુધી ઘર થી દૂર રહેતો.

એ હંમેશા થાકેલો રહેતો.


1993 ની એક રાતે સીઝર નું મૃત્યુ થયું.

એનું માયાળુ હૃદય બહુ જલ્દી બંધ થઈ ગયું.

એ ફક્ત 66 વર્ષ નો હતો.

સીઝર ના માન માં કેલિફોર્નિયા ના ઝંડા અર્ધી કાઠી એ ફરકાવવામાં આવ્યા.

એના ભાઈ રિચાર્ડે એને માટે દેવદાર ના લાકડા ની શબ પેટી બનાવી.




સીઝર ને ડેલાનો નજીક દફનાવવા માં આવ્યો.

લગભગ 40000 લોકો એના અંતિમ સંસ્કર માં આવ્યા.

સીઝરે એની આખી જિંદગી લોકો ને મદદ કરવામાં ગાળી હતી.

એણે મુક્કા થી નહીં, શબ્દો થી મદદ કરી હતી.





સીઝર ચાવેઝ પહેલી દ્રાક્ષ હડતાલ ની વીસમી વર્ષગાંઠ પર બોલતા.

સીઝર ચાવેઝ ના યોગદાન માટે ઘણા લોકો એ એને સન્માનિત કર્યા. 1990 માં મેક્સિકો એ એને એઝટેક ઇગલ પ્રદાન કર્યું, જે મેક્સિકો નું સર્વોચ્ચ સન્માન છે. 1994 માં, સીઝર ના મૃત્યુ ના એક વર્ષ પછી, ચાવેઝ પરિવાર વોશિંગટન ડી.સી. ગયો. ત્યાં વ્હાઈટ હાઉસ માં સીઝર ની સમૃતિ માં આપવામાં આવેલું પ્રેસીડેનશીઅલ મેડલ ઓફ ફ્રીડમ સ્વીકાર્યું.

અહિંસક રીતે બદલાવ લાવવામાં વિશ્વાસ કરવાવાળા અન્ય નેતાઓ પાસેથી સીઝરે પ્રેરણા લીધી હતી. મોહનદાસ કરમચંદ ગાંધી અને માર્ટિન લ્યૂથર કિંગ એવા બે નેતા હતા. સીઝર નું માનવું હતું કે જ્યાં સુધી બધા માણસો ને બુનિયાદી માનવ અધિકાર મળે નહીં, ત્યાં સુધી મોટરગાડી, ટેલિવિઝન અને અન્ય વસ્તુઓ નો ઉપયોગ કરવો બરાબર ન હતું.

સીઝર ચાવેઝ અને ડોલોરેસે 1962 માં નેશનલ ફાર્મ વર્કર્સ એસોસિએશન ની સ્થાપના કરી. એ સંસ્થ ને પછી યુનાઇટેડ ફાર્મ વર્કર્સ એસોસિએશન ઓફ અમેરિકા કહેવામાં આવી. સીઝર ના ઘણા સાથી અને એના બાળકો યુએફડબ્લ્યૂ માં કામ કરતા રહ્યા. એના સદસ્યો હજી દર વર્ષે કેલિફોર્નિયા ની રાજધાની સેક્રામેન્ટો સુધી કૂચ કરે છે. એ રાજ્ય સરકાર પર પ્રવાસી શ્રમિકો ના હિત માં બદલાવ લાવવા અને કાયદા બદલવા માટે દબાવ લાવે છે. કૂચ માં એનો નારો હોય છે "વીવા લા કૌસા" એટલે "આંદોલન ઝિંદાબાદ!"

કેલિફોર્નિયા માં દર 31 માર્ચે ચાવેઝ ને સન્માનિત કરવામાં આવે છે. કોઈ લાટીનો નેતા માટે ઘોષિત કરાયેલો એ પહેલો રજા નો દિવસ છે. બાળકો ચાવેઝ વિષે વાંચે છે. એ એના જીવન નો ઉત્સવ મનાવે છે. ઘણી સ્કૂલો, રસ્તાઓ અને પાર્ક ને એનું નામ આપવામાં આવ્યું છે.

અમેરિકા માં લાખો પ્રવાસી મજૂર રહે છે. એને મુશ્કેલ અને ખતરનાક કામો માટે બહુ ઓછું મહેનતાણું આપવામાં આવે છે. પ્રવાસી મજૂર અન્ય મજૂરો ની તૂલના માં આસાની થી બીમાર પડે છે. એના બાળકો ગરીબી માં ઉછરે છે. એમાંથી ઘણા બાળકો ને કેન્સર ની બીમારી હોય છે. ચિકિત્સકો અને સાર્વજનિક સ્વાસ્થ્ય કાર્યકર્તાઓ નું માનવું છે કે એવું એ કીટનાશક અને ઝેરીલા રસાયણો થી થાય છે જેનો ઉપયોગ ખેતર માં થાય છે.

સીઝરે એનું સમગ્ર જીવન બીજા ને મદદ કરવામાં વિતાવી દીધું હતું. અને આ કામ ચાલુ રહેવું જોઈએ. એણે 1968 માં કહ્યું હતું, "આપણી પાસે બસ આપણું જીવન જ છે. આપણે કેવી રીતે આપણું જીવન વીતાવીયે છીએ એ નક્કી કરશે કે આપણે કેવા પ્રકાર ના મનુષ્ય છીએ."

મહત્વપૂર્ણ તારીખો

1927 - 31 માર્ચ ના યુમા, એરિઝોના પાસે સીઝર ચાવેઝ નો જન્મ.

1937-44 - એના પરિવાર સાથે પ્રવાસી ખેત મજૂરો ની જેમ કેલિફોર્નિયા માં ઘણી જગ્યા એ કામ કર્યું.

1942 - આઠમા ધોરણ નું ભણતર પૂરું કર્યું.

1944 - અમેરિકી નૌસેના માં ભરતી થયા.

1948 - હેલન ફબેલા સાથે લગ્ન.

1962 - નેશનલ ફાર્મ વર્કર્સ એસોસિએશન શરુ કર્યું.

1965 - દ્રાક્ષ ચૂંટવાવાળા શ્રમિકો ની હડતાલ શરુ થઈ.

1966 - સેક્રામેન્ટો સુધી વિરોધી કૂચ નું નેતૃત્વ કર્યું.

1970 - દ્રાક્ષ ના બગીચા ના માલિકો એ યુનિયન ની માંગો સ્વીકારી. લેટુસ શ્રમિકો ની હડતાલ પાછી લેવાનો ઇન્કાર કરવા માટે સીઝર ને જેલ જવું પડયું.

1972 - એનએફડબ્લ્યુએ નું નામ બદલી ને યુનાઈટેડ ફાર્મ વર્કર્સ ઓફ અમેરિકા રાખવામાં આવ્યું.

1975 - કેલિફોર્નિયાએ એગ્રીકલચરલ લેબર રિલેશન્સ એક્ટ પાસ કર્યો. કૃષિ મજૂરો ના અધિકારો ને લગતો આ પહેલો કાયદો હતો.

1988 - સીઝરે કીટનાશકો ના ઉપયોગ નો વિરોધ કર્યો.

1990 - સીઝર ને મેક્સિકો નું સર્વોચ્ચ સન્માન "અગુઇલા આઝટેકા" એટલે એઝટેક ઇગલ આપવામાં આવ્યું.

1993 - 21 એપ્રિલે એરિઝોના માં મૃત્યુ.

1994 - સીઝર ને પ્રેસિડેન્શિયલ મેડલ ઓફ ફ્રીડમ આપવામાં આવ્યું. પરિવારે સીઝર ઈ. ચાવેઝ ફાઉન્ડેશન ની સ્થાપના કરી.